બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી સિંહ રાજેન્દ્ર રામસિંહનો તા. ૧-૬-૨૦૧૩ને શનિવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે. સદ્ગતનું બેસણું તા. ૩-૬-૨૦૧૩ને સોમવારના રોજ સવારના ૮-૩૦ થી ૧૧-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૮૬૨/૨, સેક્ટર-૨/સી, ગાંધીનગર.

વિ. સિંહ અશોકકુમાર રાજેન્દ્ર (નાયબ કલેક્ટર)
સિંહ સતીષકુમાર રાજેન્દ્ર

ફોન : ૯૮૨૫૦ ૮૮૨૧૮, ૦૭૯-૨૩૨૨૧૭૫૬

વળતા ઉનાળે ગરમીનો મિજાજ ફરી ઉગ્ર : પારો ૪૧.૫ ડીગ્રી

ગરમીથી ત્રસ્ત નગરજનો આકાશ તરફ મીટ માંડી મેઘરાજાની વાટે : રાજ્યમાં ઈડર-મોડાસા બાદ ગાંધીનગરમાં ગરમી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર અને ઉત્તર ગુજરાતમાં ગરમીનું મોજુ યથાવત્ રહેતાં લોકો ત્રાહિમામ્ પોકારી ઉઠયા છે. આજે રાજયમાં સૌથી વધુ ગરમી ઈડર અને મોડાસામાં ૪૨ ડિગ્રી નોંધાઈ છે જયારે બીજા ક્રમાંકે ગાંધીનગર આવે છે. જયાં ૪૧.૫ ડિગ્રી ગરમી આજે નોંધાઈ છે. વલ્લભ વિદ્યાનગર ખાતે ગરમીનો પારો ૪૧.૪ ડિગ્રી નોંધાયો છે.

આજે સૌરાષ્ટ્રના ગોંડલ, અમરેલી અને સાવરકુંડલામાં મેઘરાજાનું આગમન થયું હતું. મેઘરાજાના આગમનને કારણે આ પંથકમાં લોકોએ ગરમીના વાતાવરણમાં રાહત અનુભવી હતી.

જો કે ઉત્તર ગુજરાત અને અન્ય વિસ્તારોમાં ગરમીનું મોજુ યથાવત્ રહેવા પામ્યુ છે. આ ઉપરાંત બફારાનું પ્રમાણ પણ વધી જતાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે.

વળતા ઉનાળે આકમક

ગરમીએ ફરી એકવાર મૌસમનો મિજાજ બદલી નાંખ્યો છે. દિવસના આકરા તાપની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ વધતા નગરજનો અંગ દઝાડતી ગરમીની સાથે અસહ્ય બફારો પણ અનુભવી રહ્યા છે. આકાશમાં ક્યારેક ક્યારેક લુપા-છુપી રમતા વાદળોના લીધે નગરજનોની મીટ મેઘરાજા તરફ મંડરાઈ છે.

આ વખતે ઉનાળો અત્યંત આકરો પુરવાર થતા પરસેવે ભીંજાતા નગરજનો ગરમીથી તોબા પોકારી ગયા છે. સીઝનની મહત્તમ ગરમીના લીધે મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રીને પાર થતા શહેરનું જનજીવન પણ સતત છેલ્લા બે મહીનાથી ગરમીની અસરથી પ્રભાવિત છે. છેલ્લા કેટલાક દિવસથી વાદળિયા વાતાવરણના લીધે ગગડેલા ગરમીના પારાએ અચાનક ઉપર તરફ દોટ લગાવી છે. વરસાદની આશા વચ્ચે નાટ્યાત્મક રીતે જાણે ગરમીનો પારો ઉંચો ચઢી રહ્યો છે. આજે પણ સતત બીજા દિવસે ગરમીનો પારો ૦.૬ ડીગ્રી ઉંચકાયો હતો. જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ ૬૦ ટકા રહ્યું હતું. આકરી ગરમીએ ફરી એકવાર પોતાનો તેવર બતાવતા નગરજનો બેબાકળા બની ગયા છે. ગરમી અને ઉકળાટના લીધે મહિલાઓમાં પણ ઉન્માદનું પ્રમાણ વધ્યું છે. શહેરના જનજીવનને ફરી આકરી ગરમીએ બાનમાં લીધુ છે. દિવસના આકરા તાપની સાથે સાંજ ઢળતા જ વાતાવરણમાં ઉકળાટ પ્રવર્તે છે. જેના લીધે નગરજનો બેચેની અનુભવી રહ્યા છે. વરસાદના દિવસો નજીકમાં હોવાનું હવામાન તજજ્ઞોનું માનવું છે. ત્યારે ગરમીથી ત્રસ્ત શહેરીજનો આકાશ તરફ મીટ માંડી મેઘરાજાની વાટે છે.

જુના સચિવાલયમાં માર્ગોનું ૪૫ લાખના ખર્ચે નવિનીકરણ

૫ વર્ષના અંતે સરકારી પ્લાન્ટમાંથી કામ હાથ ધરાયું

ગાંધીનગર, તા. ૧

જૂના સચિવાલયમાં સ્થિત રોડ નેટવર્કના નવીનીકરણ પાછળ રૂ. ૪૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. સરકારી પ્લાન્ટમાંથી ૫ કિ.મી.ની લંબાઈ ધરાવતા માર્ગોને ચકાચક બનાવી દેવાયા છે. અંદાજિત ૫ વર્ષથી વધુ સમયના અંતે સચિવાલય સંકુલમાં માર્ગ સુધારણાનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

શહેરમાં સ્થિત ૫૧૩ કી.મી.ના રોડનેટવર્કને ટનાટન બનાવવા પાટનગર યોજના વિભાગ દ્વારા તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. શહેરના મુખ્ય માર્ગોના નવીનીકરણ બાદ રહેણાંકના આંતરિક રસ્તાઓ બનાવવાનું કામ પણ મોટાભાગનું પૂર્ણ કરી દેવાયું છે. જો કે હજુ જૂના સેક્ટરોમાં આંતરિક માર્ગો ઉબડ-ખાબડ સ્થિતિમાં છે. અલબત્ત શહેરના ૫૧૩ કી.મી. પૈકી ૯૬ કી.મી.ના રસ્તાઓના સુધારણાનું કામ બાકી છે. એક તરફ નવા સચિવાલય સંકુલની કાયાપલટ કરવાનું કામ પ્રગતિ હેઠળ છે. ત્યારે જૂના સચિવાલયમાં પણ કર્મચારીઓ તેમજ મુલાકાતીઓને ધ્યાને લઈ પાર્કિંગ અને લીફ્ટની સુવિધા હાથ ધરવા આયોજન કરવામાં આવ્યું છે. જયારે જૂના સચિવાલય સંકુલના માર્ગોનું પણ નવીનીકરણ કરી દેવાયું છે. સચિવાલય સંકુલ સ્થિત ૬ કી.મી.ના રોડનેટવર્કનું કામ અંદાજિત ૫ વર્ષ પૂર્વે કરવામાં આવ્યું હતું. જયારે નિયત સમયના અંતે માર્ગો ખરાબ થઈ જતાં તંત્ર દ્વારા માર્ગોની સપાટી લીસી બનાવવા સંકુલના રસ્તા ચકાચક બનાવવા કામ હાથ ધરવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ આ કામગીરી પાછળ રૂ. ૪૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે સરકારી પ્લાન્ટમાંથી આ કામ હાથ ધરવામાં આવ્યું હતું. આગામી સમયમાં નવા પાર્કીંગપ્લેસ બનાવવા પણ કામ શરૂ કરાશે.

કે. કૈલાસનાથન મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ નિમાયા

ગાંધીનગર, તા. ૧

વય નિવૃત્ત થયેલ ઉચ્ચ સનદી અધિકારી કે. કૈલાસનાથનને બે વર્ષનું એક્ષટેન્શન આપીને મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ તરીકે નિમણુંક આપવામાં આવી છે.

કે. કૈલાસનાથન મુખ્યમંત્રી કાર્યાલયમાં મુખ્યમંત્રીના અગ્રસચિવ તરીકે ફરજ બજાવતા હતા. ગત વર્ષે તેમને અધિક મુખ્ય સચિવ તરીકે બઢતી મળી હતી. ગઈકાલે ૩૧મી મે ના રોજ તેઓ વય નિવૃત્ત થયા હતા.

કે. કૈલાસનાથનની સેવાઓને ધ્યાને રાખીને રાજ્ય સરકારે કે. કૈલાસનાથનને બે વર્ષ માટે એક્ષટેન્શન આપીને મુખ્યમંત્રી કાર્યાલયમાં જ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ તરીકે નિમણુંક આપવામાં આવી છે.

મકાન ભાડે જોઈએ છે

વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા., ગાંધીનગર સંચાલિત આદર્શ નિવાસી શાળા (વિ.જા./કુમાર) ગાંધીનગર માટે ગાંધીનગર ખાતે શાળા અને છાત્રાલય લાયક મકાનની જરૂરિયાત છે. રસ ધરાવનાર મકાન માલિકોએ મકાનના નકશા અને માલિકીના પુરાવા તથા નાયબ કાર્યપાલક ઈંજનેર, માર્ગ અને મકાન વિભાગ જે ભાડુ ઠરાવે તે સ્વીકારવા અંગેના સંમતિપત્ર સહિતની દરખાસ્ત આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૧૦માં આર.પી.એ.ડી. દ્વારા નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીને મોકલવાની રહેશે. દરખાસ્તના કવર ઉપર આ.નિ.શા. (વિ.જા.) ગાંધીનગરના મકાન ભાડાની દરખાસ્ત એમ લખવું. દરખાસ્ત પસંદગી અંગેની તમામ સત્તા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા. ગાંધીનગર કરવાની રહેશે.

મકાનની જરૂરિયાત

(૧) વર્ગ ખંડ માટે ૩૦૦થી ૪૦૦ ચો.ફૂટ ક્ષેત્રફળ ધરાવતા ૫ (પાંચ) રૂમ
(૨) કોમ્પ્યુટર લેબ ૪૦૦ ચો. ફૂટનો ૧ (એક) રૂમ
(૩) આચાર્ય તથા સ્ટાફ રૂમ માટે ૨૦૦ ચો. ફૂટ ક્ષેત્રફળના ૨ (બે) રૂમ
(૪) છાત્ર નિવાસ માટે ૧૪૫ વિદ્યાર્થીઓ પલંગ /પથારી સાથે રહી શકે તે પ્રમાણે કુલ ૫૮૦૦ ચો. ફૂટ ક્ષેત્રફળમાં યોગ્ય સંખ્યામાં રૂમ.
(૫) દર ૧૦ વિદ્યાર્થી દીઠ એક સંડાસ અને એક બાથરૂમ તેમજ ન્હાવા ધોવા માટે પાણીના સંગ્રહની વ્યવસ્થા
(૬) પીવાના પાણી અને વિજળી (ટ્યુબલાઈટ-પંખા)ની સગવડ
(૭) પ્રતિમાસ અપેક્ષિત ભાડાની રકમ તથા અન્ય શરતો.

દરખાસ્ત મોકલવાનું સરનામું
જીલ્લા નાયબ નિયામક, વિકસતી જાતિ
'બી' બ્લોક, સાતમો માળ, બહુમાળી મકાન
સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન નં. ૦૭૯૨૩૨૪૧૯૮૦, ૨૩૨૫૯૦૬૦

સહી/-
(નરેન્દ્ર ગુપ્તા)
(જીલ્લા નાયબ નિયામક)
(વિ.જા.), ગાંધીનગર

માહિતી/૪૬૫/૧૩/૧૪

હાર્દિક અભિનંદન



પ્રતિક અશોકભાઈ પરમાર
આઈ.આઈ.ટી. પટણામાં
એમ.ટેક. (મેકાટ્રોનિક્સ)માં પ્રવેશ

હેરમા કૌશલ લાલજીભાઈ
ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં
૯૯.૭૮ પર્સન્ટાઈલ
૯૨.૦૫ ટકા

નીલ પ્રદિપભાઈ ગગલાણી
ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં
૯૩.૪૪ પર્સન્ટાઈલ
૮૯.૩૬ ઓવરઓલ

સમાજના તેજસ્વી સંતાનોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવીએ છીએ.. અને ઉત્તરોત્તર પ્રગતિ કરી સમાજનું નામ દિપાવે એવી શુભકામનાઓ પાઠવીએ છીએ..

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર

ડ્રાઈવર જોઈએ છે

ગાંધીનગર ખાતે સેવાભાઈ સંસ્થા, જુનિયર સીટીઝન કાઉન્સીલને હેવી લાયસન્સ બેઈઝ સાથે (H.G.V.) તેમજ લાઈટ લાયસન્સ બેઈઝ સાથે (L.M.V.) એમ્બ્યુલન્સ ડ્રાઈવરની જરૂરિયાત છે. સંપર્ક કરવો.

ફોન: ૨૩૨૪૨૦૨૩, ૨૩૨૪૦૧૮૨, મો.: ૯૪૨૬૮ ૩૩૩૪૪

ગુજરાત સરકારની 'ઉમ્મીદ' યોજના અંતર્ગત

ગાંધીનગર મહાનગરપાલિકા અને પરિવર્તન સંસ્થા સંયુક્ત સહકાર દ્વારા આયોજીત તાલીમ કાર્યક્રમથી નોકરી મેળવવાની ઉજ્જવળ તક

તાલીમ કાર્યક્રમ અને વિષયો

૧.	આઈ.ટી.ઈ.એસ.	: ડી.ટી.પી. અને ઈન્ટરનેટ
૨.	ટેલી	: એકાઉન્ટને લગતી તાલીમ (ધોરણ-૧૧ પાસ)
૩.	કોમ્પ્યુટર	: કોમ્પ્યુટર હાર્ડવેર
૪.	બ્યુટી કોર્ષ	: શુંગારને લગતી તાલીમ
૫.	ઈંગ્લીશ	: સ્પોકન ઈંગ્લીશ
૬.	મોબાઈલ	: મોબાઈલ રીપેરીંગ
૭.	બી.એસ.પી.એ.	: નર્સીંગને લગતી તાલીમ (નર્સીંગ આસિસ્ટન્ટ)
૮.	સી.આર.એસ.	: શોપીંગ મોલ, શૉ-રૂમ, કસ્ટમર સર્વિસને લગતી તાલીમ
૯.	બી.પી.ઓ.	: કોલ સેન્ટરને લગતી તાલીમ
૧૦.	હોસ્પિટાલિટી	: હોટલ મેનેજમેન્ટ - હોટલને લગતી તાલીમ

(સફળ તાલીમના અંતે ગુજરાત સરકાર દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવે છે)

(૩ મહિનાનો કોર્ષ) ● (ફક્ત ૫૦૦ રૂ. ૩ મહિનાની ફી)

(કોમ્પ્યુટર (M.S. Office) વિના મૂલ્યે શિખવાડવામાં આવશે.)

યોગ્યતા : (૧) ૧૮ થી ૩૫ વર્ષ ઉમરના યુવક/યુવતી (૨) ઓછામાં ઓછું ધો.૫ પાસ

જરૂરી પુરાવા : (૧) છેલ્લી માર્કશીટની ઝેરોક્ષ (૨) રેશન કાર્ડ / લાઈટ બીલ (૩) આવકનો દાખલો (૪) ટેક્ષ બીલ (૫) ત્રણ પાસપોર્ટ સાઈઝના ફોટા (૬) લીવીંગ સર્ટી / મતદાર યાદી કાર્ડ

ઉમ્મીદ કેન્દ્ર ગાંધીનગર : (૧) બ્લોક નં. ૨૯/૪, 'ચ' ટાઈપ, પોસ્ટ ઓફીસની પાસે, સેક્ટર-૭/ડી, ગાંધીનગર મો. ૯૫૫૮૫ ૭૦૧૭૭

ઉમ્મીદ કેન્દ્ર ગાંધીનગર : (૨) સરકારી શાળા (છાપરાવાળી નિશાળ), આર્ય સમાજની સામે, ઈન્દિરાનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર.

એડમિશન મેળવવાનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫ કલાકે

નામ બદલેલ છે

મારું જુનું નામ મનુભાઈ ગોરધનદાસ ઠક્કર બદલીને નવું નામ મનુભાઈ ગોરધનદાસ ખત્રી રાખવામાં આવેલ છે.
પ્લોટ નં. ૧૦૮૯/૧, સેક્ટર-૩ડી, ગાંધીનગર - ૩૮૨૦૦૬
ફોન : ૨૩૨ ૩૭૬૭૪

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧,૨૩૨૩૭૫૭૧

પ્લોટ વેચવાનો છે

૧૭૫ વાર નેટ (રહેણાંક માટે ઉત્તમ) સરગાસણ ચોકડી (ખ-૦) પાસે S.G. હાઈવે ટચ સોસાયટી, ટા. ક્લીયર, (કિ. ૬૦ લાખ) જેમાં ગુડા બેટરમેન્ટ ચાર્જ તથા કોમન દિવાલનો ખર્ચ સામેલ છે.
દલાલ મિત્રો ક્ષમા કરશો
સંપર્ક : ૯૯૨૪૨ ૧૨૫૯૫, ૯૯૨૪૧ ૯૬૬૩૯,૦૭૯-૬૫૭૨૭૯૩૪

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com